# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-02-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ‘સાથી’ પ્રોજેક્ટ તાલીમ

**જિલ્લાના છેવાડાના માનવી સુધી શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ પહોંચાડવાના હેતુથી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેશ ભંડેરીના માર્ગદર્શન હેઠળ 'સાથી' પ્રોજેક્ટ અંતર્ગત વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ પહેલ દ્વારા મેડિકલ ઓફિસર અને સુપરવાઈઝર્સને 'મેન્ટર' તરીકે તૈયાર કરવામાં આવ્યા છે. આ મેન્ટર્સ હવે આયુષ્માન આરોગ્ય મંદિરની ગ્રાઉન્ડ ટીમ CHO, આશા બહેનો અને આરોગ્ય કાર્યકરોને માત્ર સૂચનાઓ આપવાને બદલે પ્રાયોગિક માર્ગદર્શન અને હેન્ડહોલ્ડિંગ સહયોગ પૂરો પાડશે. તાલીમમાં ટીમ ભાવના વધારવા અને 55 જેટલી ક્લિનિકલ સ્કિલ્સમાં નિપુણતા મેળવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ આયોજન કચ્છમાં 'યુનિવર્સલ હેલ્થ કવરેજ'ના લક્ષ્યો હાંસલ કરવા માટે પાયાનો પથ્થર સાબિત થશે.**

---------------------------------------------------------------------------------------

## ભચાઉમાં વિકાસકામોનું લોકાર્પણ

**ભચાઉ નગરપાલિકા વિસ્તારમાં 41 કરોડના ખર્ચે વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રાપરના ધારાસભ્ય વિરેન્દ્રાસિંહ જાડેજા, ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ જનકાસિંહ જાડેજા તેમજ અન્ય અગ્રણીઓ દ્વારા વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અમૃત 2.0 યોજના તળે નલ સે જલ પ્રકલ્પ હેઠળ ઈ એસ આર સંપ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના કામો, સુવર્ણ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ભૂગર્ભ ગટર યોજનાના કામો તેમજ શહેરના વિવિધ વિસ્તારોમાં પેવર બ્લોક,સીસી રોડ, સફાઈ, ભવાનીપુર કરગરીયા રોડ ઉપર બોક્સ કાલવર્ટના**

**કામોનું ખાતમુહૂર્ત તથા છછડા દેવ તળાવ સુધારણા કામ, જુનાવાડા બોક્સ કાલવર્ટ- રોડ રિસર્ફેસિંગ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.**

**--------------------------------------------------------------------------------**

## શાળાઓનું સર્વગ્રાહી મૂલ્યાંકન

**કચ્છ જિલ્લામાં શિક્ષણ વિભાગની ૧૨ સંયુક્ત ટીમો દ્વારા ૪૦ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરવામાં આવ્યું. જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે સ્વયં ૭ શાળાઓની મુલાકાત લઈ ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો.**

**તજજ્ઞોએ વિદ્યાર્થીઓને ભયમુક્ત રીતે પરીક્ષા આપવા અને શ્રેષ્ઠ ગુણ મેળવવા માટે 'સોનેરી ટિપ્સ' આપી હતી. આ નિરીક્ષણ દરમિયાન વહીવટી અને શૈક્ષણિક પાસાઓની ચકાસણી કરી જરૂરી સુધારા સૂચવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં વર્ગ-૨ આચાર્યો, નિરીક્ષકો અને CRC કો-ઓર્ડિનેટરો જોડાયા હતા.**

**--------------------------------------------------------------------------------**

## ધણી માતંગ દેવની જન્મજયંતી

**મહેશ્વરી મેઘવાળ સમાજના ઇષ્ટદેવ ધણી માતંગદેવની આજે મહાવદ ત્રીજના દિને જન્મ જયંતિ ની શ્રદ્ધા અને ભક્તિભાવ પૂર્વક ઉજવણી થઈ રહી છે. સમસ્ત કંડલા સંકુલ મહેશ્વરી મેઘવાળ સમાજ દ્વારા ગાંધીધામમાં તેની ઉજવણી વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે થઈ રહી છે. ગાંધીધામ શહેરમાં અલગ અલગ વિસ્તારોમાંથી શોભાયાત્રાઓનું આયોજન થયું હતું. તો ભુજ ખાતે પણ ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આવતીકાલે. માઘસ્નાન વ્રતધારીઓ બારામતી જ્યોતની સાક્ષીએ વ્રતની પૂર્ણાહુતિ કરશે તથા જ્ઞાન કથન, મહાઆરતી, મહાપ્રસાદ જેવા ધાર્મિક કાર્યક્રમો સાથે બે દિવસની ઉજવણીનું સમાપન થશે.**

**--------------------------------------------------------------------------------**

## માંડવીની કોલેજના NCC કેડેટ્સની દળમાં પસંદગી

માંડવીની શેઠ એસ.વી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના એનસીસી યુનિટના છ કેડેટ્સની ભારતીય સંરક્ષણ દળોમાં પસંદગી થતાં સમગ્ર પંથકમાં ગૌરવની લહેર પ્રસરી ગઈ છે. લેફ્ટનન્ટ ડો. મહેશકુમાર બારડે જણાવ્યું કે, એનસીસી કેડેટ્સમાં શિસ્ત અને દેશપ્રેમની જે ભાવના કેળવાય છે તે જ તેમને સફળતાનાં શિખરે પહોંચાડે છે. આ ઐતિહાસિક સફળતાને વધાવવા માટે કોલેજ ખાતે એક વિશેષ સન્માન સમારોહ યોજાયો હતો, જેમાં આ યુવાનોને સન્માનિત કરાયા હતા.

---------------------------------------------------------------------------------------------

## વિશ્વ કેન્સર દિવસ

આજે વિશ્વ કેન્સર દિવસ છે. ત્યારે રાજ્ય સરકાર કેન્સર જેવી ગંભીર બીમારીઓ સામે લડવા માટે નાગરિકોને આયુષ્માન કાર્ડના માધ્યમથી મોટુ કવચ પૂરું પાડી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું, નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન રાજ્યમાં આયુષમાન ભારત યોજના હેઠળ નોંધાયેલા કુલ 13 લાખ 34 હજાર 602 દાવામાંથી 27.92 ટકા એટલે કે ત્રણ લાખ 72 હજાર 575 દાવા માત્ર ઓન્કોલોજી-કેન્સર સારવાર માટેના છે. આયુષ્માન કાર્ડ હેઠળ દર્દીઓને સર્જરી, રેડિયોથેરાપી અને કીમોથેરાપી જેવી મહત્વની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

---------------------------------------------------------------------------------------------

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતી

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ગ્રુપ A અને ગ્રુપ B ની પાંચ હજારથી વધુ જગ્યાઓ પર ભરતી બહાર પાડવામાં આવી છે. જેમાં સમાજ કલ્યાણ નિરીક્ષક, કાર્યલાય અધિક્ષક, કલેકટર કચેરી ક્લાર્ક, હેડ કલાર્ક, સિનિયર ક્લાર્ક અને જુનિયર ક્લાર્કની જગ્યાઓ માટે ભરતી બહાર પડી છે. ઉમેદવારો 5 થી 20મી ફેબ્રુઆરી દરમિયાન ઓનલાઇન ફોર્મ ભરી શકશે.

---------------------------------------------------------------------------------------------

# પ્રાગપરમાં નારી સંમેલન

ગુજરાત રાજ્ય મહિલા આયોગ અને કચ્છ જિલ્લા પંચાયતની આઈસીડીએસ શાખાના સંયુક્ત ઉપક્રમે મુંદરા તાલુકાના પ્રાગપર ગામે નારી સંમેલન યોજાયું હતું. સાંસદ વિનોદભાઈ ચાવડા, ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, માંડવીના ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવેની ઉપસ્થિતિમાં વર્ષ દરમ્યાન ઉત્કૃષ્ટ  સેવા આપનારા કાર્યકરોને એવોર્ડ અને પ્રશસ્તિપત્ર આપવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------------------